GJRJ190017952025

દાખલ તારીખ : ૩૦/૧૨/૨૦૨૫
રજી. તારીખ : ૩૦/૧૨/૨૦૨૫
ફેસલ તારીખ : ૦૯/૦૪/૨૦૨૬
**સમયગાળો : વર્ષ–માસ–દિન**

**નામદાર સુપ્રિમ કોર્ટના SUO MOTO WRIT (CRL) No.(S)1/2017 તથા ક્રિમીનલ મેન્યુઅલ ના ચેપ્ટર–VI ના 179-A અન્વયેના નોટીફીકેશન નં.સી/૨૦૦૧/૯૩, તા.૨૦/૦૫/૨૦૨૨ ના ઠરાવેલ પર્ફોમા મુજબ.**

:: FORM-A ::

| :: એફ.આઈ.આર.ની વિગતો, ગુન્હો અને પોલિસ સ્ટેશન :: | |
|---|---|
| **પોલિસ સ્ટેશન :** | જીલ્લો રાજકોટ ગ્રામ્ય પોલિસ મથક : સુલતાનપુર પો.સ્ટે., વર્ષ : ૨૦૨૫, પ્રથમ માહિતી અ. ક્રમાંક નં. ૧૧૨૧૩૦૯૭૨૫૦૩૬૮/૨૦૨૫, તા.૩૦/૧૨/૨૦૨૫. |
| **ગુન્હો :** | ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૦૨૩ ની કલમ–૧૩૭(૨),૮૭,૬૫(૧),૫૪ તથા પોકસો એકટ કલમ–૪(૨),૧૭ તથા એટ્રોસીટી એકટ કલમ–૩(૧)(ડબલ્યુ) તથા ૩(૨)(૫) મુજબ. |
| **તહોમતનામા મુજબ તહોમત :** | ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૦૨૩ ની કલમ–૧૩૭(૨),૮૭,૬૫(૧),૫૪ તથા પોકસો એકટ કલમ–૪(૨),૧૭ તથા એટ્રોસીટી એકટ કલમ–૩(૧)(ડબલ્યુ) તથા ૩(૨)(૫) મુજબ. |
| **ફરીયાદી :** | **શ્રી સરકાર સ્ટેટ ઓફ ગુજરાત**<br>(મુળ ફરીયાદી : ભોગબનનારના માતા) |
| **ફરીયાદપક્ષે એ.પી.પી.શ્રી :** | **શ્રી જી.કે.ડોબરીયા.** |
| **આરોપીઓ :** | **(૧) અજયભાઈ ઉર્ફે હરેશભાઈ ઉર્ફે ગુણાભાઈ મકવાણા**<br>ઉ.વ.૨૨, ધંધો–ખેતી,<br>રહે.કેશવાળા ગામ, તા.ગોંડલ,જી.રાજકોટ.<br>**(૨) મયુરભાઈ પરસોતમભાઈ વાઘેલા**<br>ઉ.વ.આ.૨૭,ધંધો–ડ્રાયવીંગ<br>રહે.કેશવાળા ગામ, તા.ગોંડલ,જી.રાજકોટ. |
| **આરોપીઓ તરફે વિ.વ.શ્રી :** | **શ્રી આર.કે.દેગામા** |

## :: FORM-B ::

| | |
|---|---|
| DATE OF OFFENCE | 14/11/2025, At 17:00-17:30 pm |
| DATE OF F.I.R. | 15/11/2025, At 05:30. |
| DATE OF CHARGESHEET | 30/12/2025 |
| DATE OF FRAMING OF CHARGE | 03/03/2026 |
| DATE OF COMMENCEMENT OF EVIDENE | 16/03/2026 |
| DATE ON WHICH JUDGMENT IS RESERVED | 30/03/2026 |
| DATE OF THE JUDGMENT | 09/04/2026 |
| DATE OF THE SENTENCING ORDER IF ANY, | ------------- |

<u>ACCUSED DETAILS :-</u>

| RANK OF THE ACCU-SED | NAME OF ACCUSE | DATE OF ARREST | DATE OF RELEA-SED ON BAIL | OFFENCES CHARGED WITH | WHETHER ACQUI-TED OR CONVIC-TED | SENT-ENCE IMPO-SED | PERIOD OF DETENTION UNDERGONE DURING TRIAL FOR PURPOSE OF SECTION-428 OF Cr.P.C. |
|---|---|---|---|---|---|---|---|
| 1 | AJAY BHAI HARESH BHAI MAKWANA | 16/11/2025 | U.T.P | B.N.S SEC.-137(2),87,65(1),54 OR POCSO ACT-4(2),17 OR ATRO SEC 3(1)(W),3(2)(5) | ACQUIT-ED | N.A. | ------ |
| 2 | MAYUR BHAI PARSOTAM BHAI VAGHELA | 16/11/2025 | 02/01/2026 | B.N.S SEC.-137(2),87,65(1),54 OR POCSO ACT-4(2),17 OR ATRO SEC 3(1)(W),3(2)(5) | ACQUIT-ED | N.A. | ------ |

## :: FORM-C ::

## :: ફરીયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લિસ્ટ ::

**(એ) ફરીયાદપક્ષ તરફે :–**

## :: ફરીયાદપક્ષનો મૌખિક પુરાવો ::

| અ.નં. | આંક | સાહેદનું નામ | સાહેદની વિગત |
|---|---|---|---|
| ૧ | ૧૯ | સાહેદ નં.૧ (ભોગબનનારના માતા) | ફરીયાદી |
| ૨ | ૨૦ | સાહેદ નં.૨ (ભોગબનનારના પિતા) | સાહેદ |
| ૩ | ૨૨ | સાહેદ નં.૩ (ડો.હાર્વીશા સીરજા) | ડોક્ટર |
| ૪ | ૨૩ | સાહેદ નં.૪ (ભોગબનનાર) | ભોગબનનાર |
| ૫ | ૨૪ | સાહેદ નં.૫ (ડો.વીકાસ ઠુમર) | ડોક્ટર |
| ૬ | ૨૫ | સાહેદ નં.૬ (શ્રીજીતા સાકળચંદ્ર પટેલ) | ત.ક.અમલ દાર |

## (બી) બચાદવપક્ષે સાહેદ જો હોય તો,

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ / પુરાવો |
|---|---|---|
| – | – | – |

## (સી) કોર્ટ સાહેદ જો કોઇ હોય તો,

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ / પુરાવો |
|---|---|---|
| – | – | – |

## :: ફરીયાદપક્ષ તરફે અંકે પાડેલા દસ્તાવેજી પુરાવા ::

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | P1/PW1 |
| ૨ | મેડીકલ સર્ટીફીકેટ | P2/PW3 |
| ૩ | ભોગબનનારનું નિવેદન | P3/PW4 |
| ૪ | મેડીકલ સર્ટીફીકેટ | P4/PW5 |
| ૫ | ગુન્હો રજી કરવાનો પત્ર | P5/PW6 |
| ૬ | તપાસ નો હુકમ | P6/PW6 |
| ૭ | ભોગબનનારનું જન્મનું પ્રમાણપત્ર | P7/PW6 |
| ૮ | જ્ઞાતીનું પ્રમાણપત્ર | P8/PW6 |
| ૯ | મોબાઈલ એફ.એસ.એલ. રીપોર્ટ | P9/PW6 |
| ૧૦ | બનાવવાળી જગ્યાનું પંચનામું | P10/PW6 |
| ૧૧ | ભોગબનનારના કપડા કબ્જે કરેલાનું પંચનામું | P11/PW6 |

| | | |
|---|---|---|
| ૧૨ | આરોપીનુ અટક તથા મો.સા.કબ્જે કરેલાનું પંચનામું | P12/PW6 |
| ૧૩ | મુદ્દામાલ રવાનગી નોંધ તથા સતાનું પ્રમાણપત્ર | P13/PW6 |
| ૧૪ | એફ.એસ.એલ. પહોંચ | P14/PW6 |
| ૧૫ | એફ.એસ.એલ.રીપોર્ટ | P15/PW6 |

**બચાવપક્ષે અંકે પડેલા દસ્તાવેજો :–**

| અ.નં. | દસ્તાવેજનું નામ | આંક |
|---|---|---|
| – | – | – |

**કોર્ટ તરફે અંકે પડેલા દસ્તાવેજો :–**

| અ.નં. | દસ્તાવેજનું નામ | આંક |
|---|---|---|
| – | – | – |

**:: મુદ્દામાલની વિગત ::**

| અ.નં. | મુદ્દામાલ પાવતી નંબર તથા તારીખ | મુદ્દામાલની વિગત |
|---|---|---|
| **૧** | **મુ.પા.નં.૩૩/૨૦૨૫, તા.૧૫/૧૧/૨૦૨૫** | (૧) એક લીલા કલરની આછા પીળા કલરના ધાબાવાળી મેલા જેવી ફાટેલી ચુંદડી મેલમાં ડાધાઓ વાળી એક કાપડની બેગમાં શીલબંધ છે તે<br>(૨) એક સફેદ કલરની કાળા કલરની ડિઝાઇનવાળી ફાટેલ ચુંદડી જેમાં બજરીયા કલરના છુટા છવાયા ડાધાઓ વાળી એક કાપડની બેગમાં શીલબંધ છે તે |
| **૨** | **મુ.પા.નં.૩૪/૨૦૨૫, તા.૧૫/૧૧/૨૦૨૫** | (૧) એક વાદળી ગુલાબી, પીળા ઉભા પટા વાળી જુના જેવી કુર્તી છે જે પોણીબાયની કુર્તીમાં કોઇ ડાધ જોવામાં આવતા નથી.<br>(૨) એક કાળા કલરની લેગીઝ જેમાં નરી આંખે કોઇ ડાધ જોવામાં આવતા નથી.<br>(૩) એક સફેદ કલરની સોનેરી કલરની જીણી સંતરાઓવાળી ચારેય છેડે ફુમકાવાળી ચુંદડી છે તે<br>(૪) એક કાળા પીળા તથા ગુલાબી અને લીલા કલરની લીટીઓ વાળુ નીકર છે |

| | | |
|---|---|---|
| | | તેની ઉપર કોઇ દેખીતા ડાઘા નિશાનો જોવામાં આવતા નથી. |
| ૩ | **મુ.પા.નં.૩૫/૨૦૨૫ તા.૧૬/૧૧/૨૦૨૫** | (૧) એક આખી બાયનું ગોળ ગળા વાળુ કેસરી કલરનું મેલા જેવુ ટીશર્ટ જેના આગળના ભાગે કાળા કલરની ડીઝાઇન તથા આગળના ભાગે અંગ્રેજીમાં DILE SINCE 1885 લખેલ વાળુ દેખીતા કોઇ ડાઘ જોવામાં આવતા નથી.<br>(૨) એક પેન્ટ જોતા મેલા જેવુ વાદળી કલરનું જીન્સનું પેન્ટ દેખીતા કોઇ ડાઘ જોવામાં આવતા નથી. |

---

**ગોંડલના મહે. સ્પે. જજ પોક્સો અને અધિક સત્ર ન્યાયાધીશ સમક્ષ,**
**મુ.ગોંડલ, જી.રાજકોટ.**

---

**હેમાંગ અશ્વીનભાઇ ત્રિવેદી**
સ્પે. જજ, પોકસો અને અધિક સત્ર ન્યાયાધીશ,
મુ.ગોંડલ, જી.રાજકોટ.
**(ચુકાદાની તારીખ : ૦૯/૦૪/૨૦૨૬)**

**સ્પે. પોક્સો સેશન્સ કેસ નં.૩૪/૨૦૨૫**
**આંક :- ૨૭**

**શ્રી સ ર કા ર** **....ફરીયાદપક્ષ.**

**:: વિરૂધ્ધ ::**

**(૧) અજયભાઇ ઉર્ફે હરેશભાઇ ઉર્ફે ગુણાભાઇ મકવાણા**
ઉ.વ.૨૨, ધંધો-ખેતી,
રહે.કેશવાળા ગામ, તા.ગોંડલ,જી.રાજકોટ.
**(૨) મયુરભાઇ પરસોતમભાઇ વાધેલા**
ઉ.વ.આ.૨૭,ધંધો-ડ્રાયવીંગ
રહે.કેશવાળા ગામ, તા.ગોંડલ,જી.રાજકોટ. **....આરોપીઓપક્ષ.**

---

*પ્રસ્તુત કેસ, સગીર બાળકી વિરૂદ્ધ જાતિય ગુના અંગેનો છે. જેથી પ્રસ્થાપિત સિદ્ધાંતોને લક્ષમાં રાખી, તેની ઓળખ જાહેર ન થાય તેની તકેદારીના ભાગરૂપે સદર ચુકાદામાં સગીર બાળકીના નામ વિગેરેની વિગતોને બદલે તેને ''ભોગ બનનાર'' તરીકે સંબોધવામાં આવેલ છે.*

---

:: <u>જજમેન્ટ</u> ::

(૧) અત્રે એ નોંધવુ પડે કે, નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા નિકુંજ સક્સેના અને બીજાઓ વિરૂદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા અને બીજાઓના કેસમાં તા.૧૧/૧૨/૨૦૧૮ ના રોજ આપેલ ચુકાદામાં પ્રસ્થાપિત સિદ્ધાંતોને ધ્યાન માં રાખી તેમજ પોક્સો એકટની જોગવાઈઓ ધ્યાને લેતા, ભોગ બનનારની ઓળખ મોટા પાચે (પબ્લીક એટ લાર્જ) છતી ન થાય, તેની પુરતી કાળજી રાખવાના હેતુથી સદર ચુકાદામાં ભોગ બનનારના નામનો ઉલ્લખે કરવામાં આવેલ નથી અને ભોગ બનનારને નામની જગ્યાએ ''ભોગ બનનાર'' તરીકે સંબોધવામાં આવેલ છે.

(૨) આ કામના આરોપીઓ સ્પેશ્યલ પોક્સો સેશન્સ કેસ નં.૩૪/૨૦૨૫ ની ટ્રાયલનો સામનો કરી રહયા છે. તેઓની વિરૂદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૩૭(૨),૮૭,૬૫(૧),૫૪ (સંલગ્ન આઇ.પી.સી.કલમ–૩૬૩,૩૬૬,૩૭૬(૩),૧૧૪) તથા જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ ૨૦૧૨ (POCSO) ની કલમ–૪(૨),૧૭ તથા એટ્રોસીટી એકટ કલમ–૩(૧)(ડબલ્યુ),૩(૨)(૫–એ) મુજબના ગુન્હાઓ સબબ તા.૦૩/૦૩/૨૦૨૬ ના રોજ અત્રેની અદાલત દ્વારા **આંક–૧૬** થી તહોમતનામું ફરમાવેલ, જે તહોમતનામું આરોપીઓને વાંચી, સંભળાવતા તેનું **આંક–૧૭ તથા આંક–૧૮** મુજબ નિવેદન લેવામાં આવેલ. જેમાં તેઓએ તહોમતનામા મુજબના ગુન્હાનો ઈન્કાર કરેલ અને ટ્રાયલની માંગણી કરેલ. જેથી આરોપીઓ સામે તહોમતનામા મુજબ <u>ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૩૭(૨),૮૭,૬૫(૧),૫૪ તથા જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ ૨૦૨૧ ની કલમ–૪(૨),૧૭ તથા એટ્રોસીટી એકટ કલમ–૩(૧)(ડબલ્યુ),૩(૨)(૫–એ)</u> મુજબના ગુન્હા સબબ ની ટ્રાયલ હાથ ધરવામાં આવેલ છે.

**(૩) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકિકત :–**

/એ/ આ કામે ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકિકત એવી છે કે, આ કામના ફરીયાદીની દિકરી ભોગ બનનાર, ઉ.વ.૧૨ વર્ષ ૫ માસ (જન્મ તારીખ ૧૨/૦૬/૨૦૧૩) વાળી ને તા.૧૪/૧૧/૨૦૨૫ ના રોજ રાત્રીના છ વાગ્યાના અરસામાં આ કામના આરોપીએ ભોગ બનનાર સગીર વયની તથા અનુસુચિત જાતીની હોવાનું જાણતો હોવા છતાં ફરીયાદીના વાલીપણા માંથી અપહરણ કરી, કેશવાળા ગામની સીમમાં ભગાડી લઈ જઈ, તેની મરજી વિરૂદ્ધ અવાર નવાર શારીરીક સબંધ બાંધી, બળાત્કાર ગુજારી, ગુન્હો કરેલ હોય, જેથી આ કામના આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૫(૧),૫૪ તથા જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ ૨૦૨૧ ની કલમ–૪(૨),૧૭ તથા એટ્રોસીટી એકટ કલમ–૩(૧)(ડબલ્યુ),૩(૨)(૫–એ) મુજબનો ગુન્હો કરેલ જેની ફરીયાદ તા.૧૫/૧૧/૨૦૨૫ ના રોજ ફરીયાદીએ રાજકોટ રૂરલ સુલતાનપુર પોલીસ સ્ટેશનના પી.એસ.ઓ. રૂબરૂ જાહેર કરેલ.

/બી/ ફરીયાદીએ ઉપરોકત હકિકતે બનેલ બનાવની ફરીયાદ તા. ૧૫/૧૧/૨૦૨૫ ના રોજ રાજકોટ રૂરલ સુલતાનપુર પોલીસસ્ટેશન ના પી.એસ.ઓ રૂબરૂ જાહેર કરતા તેઓએ ફરીયાદીના લખાવ્યા મુજબની ફરીયાદ હકિકત લખી લઈ, ગુન્હો સુલતાનપુર પો.સ્ટે. ગુ.રજી.નં.૧૧૨૧૩૦ ૯૭૨૫૦૩૬૮/૨૦૨૫ થી ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૩૭(૨), ૮૭,૬૫(૧),૫૪ તથા જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ ૨૦૨૧ ની કલમ–૪(૨),૧૭ તથા એટ્રોસીટી એકટ કલમ–૩(૧)(ડબલ્યુ),૩(૨)(૫–એ) મુજબનો ગુન્હો નોંધી, આંક–P1/PW1 વાળી ફરીયાદ લખાવેલ હતી, જે ફરીયાદ સંબંધે ગુન્હો દાખલ કરવા તેઓએ યાદી આપેલ હતી. આ યાદી મુજબ પી.એસ.ઓ.એ ગુન્હો દાખલ કરેલ તેમજ તપાસ દરમ્યાન તેઓએ સાહેદોના નિવેદનો લીધેલા તેમજ ભોગબનનારનું નિવેદન લીધેલ તેમજ આરોપી અજય તથા ભોગબનનારની મેડીકલ તપાસણી કરાવેલ તેમજ ભોગબનનાર તથા આરોપીના કપડા કબ્જે કરેલાનું પંચનામું કરેલ તેમજ ભોગબનનારનું બી.એન.એસ.એસ.કલમ–૧૮૩

મુજબનું નિવેદન લેવડાવેલ, સ્થાનીક જગ્યાનું પંચનામું કરેલ તેમજ ભોગબનનારનું જન્મનુ તથા જ્ઞાતીનું પ્રમાણપત્ર મેળવેલ તેમજ કબ્જે કરેલ મુદ્દામાલ એફ.એસ.એલ.માં મોકલેલ અને હાલના આરોપીઓ સામે પુરતો પુરાવો જણાતા સ્પેશ્યલ પોક્સો કોર્ટમાં ચાર્જશીટ કરેલ.

## (૪) તહોમતનામું અને આરોપીઓની પ્લી :–

સદર કેસ કમીટ થઇને આવતા તે સ્પેશ્યલ પોકસો સેશન્સ કેસ નં.૩૪/૨૦૨૫ થી રજીસ્ટરે લઇ સદર કેસની ઇન્સાફી કાર્યવાહી અર્થે અત્રેની અદાલતમાં તબદીલ કરતા આરોપીઓને કેસ પેપર્સની નકલો મળી ગયાની ખાતરી કરી તા.૦૩/૦૩/૨૦૨૬ ના રોજ આરોપીઓ વિરૂદ્ધ **આંક–૧૬** થી તહોમતનામું ફરમાવતા, આરોપીઓએ તેમના **આંક–૧૭ તથા આંક–૧૮** મુજબના નિવેદનથી ગુન્હો કર્યાનો ઇન્કાર કરી કેસ આગળ ચલાવવાની માંગણી કરતા તેમજ સરકારી વકીલની માંગણી કરતા તેઓએ સરકારી વકીલ રોકવાની ના પાડેલી અને ખાનગી વકીલ રોકી કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

(૫) ત્યારબાદ ફરીયાદપક્ષે રજુ કરવામાં આવેલ ઉપરોકત FORM-C માં દર્શાવેલા તમામ પુરાવાઓની નોંધવાની કાર્યવાહી કરવામાં આવેલ. વિ.એડી.પી.પી.શ્રીએ **આંક–૨૬** થી પુરાવો પુર્ણ થયાનું જાહેર કરતા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૩૫૧(સંલગ્ન સી.આર.પી.સી. કલમ–૩૧૩) મુજબ આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવમાં આવેલ. જેમાં આરોપીઓએ તેમની સામેના પુરાવાનો મહદઅંશે ઇન્કાર કરી, તેમને સોગંદ ઉપર જુબાની આપવી નથી અને બચાવના સાહેદો તપાસવા નથી તેમજ વિશેષમાં તેઓ નિર્દોષ હોવાની તથા તેમની સામે ખોટું ચાર્જશીટ કરવામાં આવેલ હોવાની હકિકતો જણાવેલ છે. વિશેષમાં આરોપીઓએ જાતે સોગંદ ઉપર પુરાવો આપેલ નથી કે પોતાના બચાવમાં કોઇ સાહેદો તપાસેલ નથી.

(૬) ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ ઉપરોક્ત તમામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો વંચાણે લીધો તથા ફરીયાદપક્ષે સરકારશ્રી તરફે વિ.એડી. પી.પી.શ્રી જી.કે.ડોબરીયા નાઓને તથા બચાવપક્ષે આરોપીઓ તરફે વિ.વ.શ્રી આર.કે.દેગામા નાઓની સવિસ્તૃત દલીલો સાંભળવામાં આવેલ છે.

(૭) ફરીયાદપક્ષે <u>વિદ્ધવાન એ.પી.પી.શ્રી જી.કે.ડોબરીયા</u> નાઓએ એવી દલીલ કરેલ છે કે, ફરીયાદપક્ષે આરોપીઓ વિરૂદ્ધનું તહોમત નિ:શંકપણે પુરવાર કરેલ છે.

- વધુમાં, દલીલ કરેલ છે કે, ફરીયાદપક્ષે આરોપીઓ વિરૂદ્ધનું તહોમત નિ:શંકપણે પુરવાર કરેલ છે.
- વધુમાં, દલીલ કરેલ છે કે, આ કામે ફરીયાદપક્ષનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા, આરોપીઓ વિરૂદ્ધ તહોમતનામામાં જણાવ્યા મુજબ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૩૭(૨),૮૭, ૬૫(૧),૫૪ તથા જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ ૨૦૨૧ ની કલમ-૪(૨),૧૭ તથા એટ્રોસીટી એકટ કલમ-૩(૧)(ડબલ્યુ),૩(૨)(૫-એ) મુજબનો ગુન્હો નિ:શંકપણે પુરવાર થયેલ છે. જેથી આરોપીઓને વધુમાં વધુ સજા કરવા અરજ ગુજારેલ છે.
- વધુમાં, એ.પી.પી.શ્રી ની રજુઆત છે કે, ડોકટરશ્રીની જુબાની જોતા તેઓ જણાવે છે કે, ભોગબનનાર સાથે શારીરીક સંભોગ થયાની શકયતા નકારી શકાય નહી તેમ જણાવેલ છે. આમ, આ કામના આરોપીઓએ તહોમતનામા મુજબનો ગુન્હો કરેલ હોવાનું પુરવાર થતુ હોય, તેઓને વધુમાં વધુ સજા કરવા અરજ ગુજારેલ છે.

(૮) જયારે બચાવપક્ષ તરફે <u>આરોપીઓના વિ.વ.શ્રી આર.કે. દેગામા</u> ની મુખ્યત્વે દલીલ છે કે, ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂદ્ધનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય, આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જોઇએ.

- વધુમાં, દલીલ કરેલ છે કે, આ કામે ફરીયાદીની સોગંદ પરની જુબાની જોતા, એવુ બનેલ નહી કે, આરોપી અજયે અને આરોપી મયુરે ભોગબનનારને ભગાડી ગયેલ હોય અને આરોપી અજયે ભોગબનનાર સાથે તેણીની મરજી વિરૂદ્ધ શારીરીક સબંધ બાંધેલ. તેમજ ફરીયાદીની ઉલટતપાસ જોતા એ વાતનો સ્વીકાર કરે છે કે, આરોપી અજયે ભોગબનનાર દિકરી સાથે શારીરીક સબંધ બાંધેલ નથી. તેમજ મયુરે ભોગબનનારને મો.સા.માં લઈ ગયેલ નથી. તેમજ ભોગબનનારે તેઓને આરોપીઓ વિરૂદ્ધ અંગેના બનાવની કોઈ હકિકત જણાવેલ નથી. આમ, આ કામના આરોપીઓએ તહોમતનામા મુજબનો ગુન્હો કરેલ હોય તે હકિકત પુરવાર થતી નથી.
- વધુમાં તેઓની દલીલમાં જણાવે છે કે,ડોકટરશ્રીની જુબાની જોતા આ કામના ભોગબનનારે મેડીકલ હિસ્ટ્રીમાં આરોપીઓનું નામ આપેલ નથી તેમજ ફરીયાદ મુજબનુ કૃત્ય આરોપીઓએ કરેલ હોય તેવુ જણાવતા નથી. તેમજ ડોકટરશ્રીની ઉલટતપાસ જોતા એ વાત કબુલ રાખેલ છે કે, ભોગબનનારના પ્રાઈવેટ પાર્ટ ઉપર કોઈ ઈજાના નિશાન હતા નહી. આમ, ડોકટરશ્રીની જુબાની જોતા પણ મેડીકલ પુરાવાને પણ સમર્થન મળતુ નથી. આમ, આ કામના આરોપીઓએ તહોમતનામા મુજબનો ગુન્હો કરેલ હોય તેવુ પુરવાર થતુ નથી. વધુમાં ફરીયાદપક્ષે પંચ સાહેદોને તપાસવામાં આવેલ નથી. જેથી પંચનામાઓ પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે. તેમજ ત.ક.અમલદાર પણ તેઓની જુબાનીમાં પંચોના નામ ઠામ જણાવતા નથી. તેમજ એફ.એસ.એલ. રીપોર્ટ જોતા પણ કપડા ઉપર કોઈ વિર્યના ડાઘ કે અન્ય કોઈ નિશાનો જોવામાં આવેલ નથી. આમ, આ કામના

આરોપીઓએ તહોમતનામા મુજબનો ગુન્હો કરેલ ન હોય જેથી તેઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ ગુજારેલ છે.

(૯) ઉપરકોત હકિકતે કેસના અંતીમ નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.:

**// મુદ્દાઓ //**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, બનાવ સમયે ભોગ બનનાર સગીર વયના હતા ?

(૨) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તા.૧૪/૧૧/૨૦૨૫ ના રોજ રાત્રીના છ વાગ્યાના અરસામાં આ કામના ફરીયાદીની દિકરી (ભોગબનનાર) ઉ.વ. આ.૧૨ વર્ષ ૫ માસ વાળીને લગ્ન કરવાની લાલચ આપી લલચાવી, ફોસલાવી સગીરાનું ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી, લઇ જઇ, ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૩૭(૨),૮૭ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

(૩) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ઉપરોકત જણાવેલ આરોપીઓએ ભોગબનનારનું અપહરણ કી કેશવાળા ગામની સીમમાં ભગાડી લઇ જઇ ભોગબનનાર સગીર વયની હોવાનું જાણવા છતા, માનતા હોવા છતા, આ કામના આરોપીઓએ ભોગબનનાર સાથે અવાર નવાર જાતીય સંભોગ કરી, બળાત્કાર ગુજારી, આ કામના આરોપીઓએ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૩૭(૨),૫૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે?

(૪) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ઉપરોક્ત હકીકતોએ ભોગ બનનાર સગીર બાળકી પર આ કામના આરોપીઓએ ઉગ્ર પ્રવેશ જાતિય હુમલાઓ કરી, જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ ૨૦૨૧ ની કલમ-૪(૨),૧૭ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

(૫) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીઓએ આ કામના ભોગબનનાર અનુસુચિત જાતી અને અનુસુચિત જનજાતીના સભ્ય હોવાનું પ્રથમથી જ જાણતા હોવા છતાં, ફરીયાદપક્ષના કેસની હકીકતો અનુસાર ભોગબનનારને આરોપીઓએ તેની જાહેરમાં જ્ઞાતી પ્રત્યે હડધુત, અપમાનીત કરી, ધમકી આપી, ઉપરોક્ત ગુનાખોરી આચરી, અનુસુચિત જાતી તથા અનુસુચિત જનજાતી (અત્યાચાર નિવારણ) અધિનિયમની કલમ–૩(૧)(ડબલ્યુ),૩(૨)(૫–એ) મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

(૬) શું હુકમ ?

**(૧૦)** ઉપરોકત મુદ્દાઓ પરત્વે નિર્ણયો કારણો અને તારણો સાથે નીચે મુજબ છે.:

(૧) ''હકારમાં''.
(૨) ''નકારમાં''.
(૩) ''નકારમાં''.
(૪) ''નકારમાં''.
(૫) ''નકારમાં''.
(૬) આખરી હુકમ મુજબ.

## –// કારણો //–

**(૧૧) મુદ્દા નં.૧ :– શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, બનાવ સમયે ભોગ બનનાર સગીર વયના હતા ?**

➔ ઉપરોકત મુદ્દાની ચર્ચા હાથ ધરતા પહેલા બનાવ સમયે સગીર ની ઉંમર નક્કી કરવા માટેની જે કાયદાકીય જોગવાઇઓ છે જે ધ્યાને લેવી જરૂરી છે, જે નીચે મુજબ છે.:

➔ Section-34 of the POCSO Act :-

which reads as follows : "34. Procedure in case of commission of offence by child and determination of age by Special Court. –

(1) Where any offence under this Act is committed by a child, such child shall be dealt with under the provisions of the Juvenile Justice (Care and Protection of Children) Act, 2015 (2) of 2016).

(2) If any question arises in any proceeding before the Special Court whether a person is a child or not, such question shall be determined by the Special Court after satisfying itself about the age of such person and it shall record in writing its reasons for such determination.

(3) No order made by the Special Court shall be deemed to be invalid merely by any subsequent proof that the age of a person as determined by it under sub-section (2) was not the correct age of that person."

➔ In view of Section- 34(1) of the POCSO Act, Section- 94 of the J.J. Act, 2015 becomes relevant and applicable. That provision is extracted below :

➔ <u>Section-94 of the J.J. Act, 2015</u> Presumption and determination of age.–

(1) Where, it is obvious to the Committee or the Board, based on the appearance of the person brought before it under any of the provisions of this Act (other than for the purpose of giving evidence) that the said person is a child, the Committee or the Board shall record such observation stating the age of the child as nearly as may be and proceed with the inquiry under section 14 or section 36, as the case may be,

without waiting for further confirmation of the age.

(2) In case, the Committee or the Board has reasonable grounds for doubt regarding whether the person brought before it is a child or not, the Committee or the Board, as the case may be, shall undertake the process of age determination, by seeking evidence by obtaining –

(i) the date of birth certificate from the school, or the matriculation or equivalent certificate from the concerned examination Board, if available; and in the absence thereof;

(ii) the birth certificate given by a corporation or a municipal authority or a panchayat;

(iii) and only in the absence of (i) and (ii) above, age shall be determined by an ossification test or any other latest medical age determination test conducted on the orders of the Committee or the Board; Provided such age determination test conducted on the order of the Committee or the Board shall be completed within fifteen days from the date of such order.

(3) The age recorded by the Committee or the Board to be the age of person so brought before it shall, for the purpose of this Act, be deemed to be the true age of that person.”

– વધુમાં, નામદાર સર્વોચ્ચ અદાલતે **P. YUVAPRAKASH versus STATE REP. BY INSPECTOR OF POLICE IN CRIMINAL**

**APPELLATE JURISDICTION CRIMINAL APPEAL No(S). 1898 OF 2023, Dt : 18th JULY, 2023** ના ચુકાદામાં ઠરાવેલ છે કે,

"It is evident from conjoint reading of the above provisions that wherever the dispute with respect to the age of a person arises in the context of her or him being a victim under the POCSO Act, the courts have to take recourse to the steps indicated in Section-94 of the J.J. Act. The three documents in order of which the Juvenile Justice Act requires consideration is that the concerned court has to determine the age by considering the following documents :

"(i) the date of birth certificate from the school, or the matriculation or equivalent certificate from the concerned examination Board, if available; and in the absence thereof ;
(ii) the birth certificate given by a corporation or a municipal authority or a panchayat ;
(iii) and only in the absence of (i) and (ii) above, age shall be determined by an ossification test or any other latest medical age determination test conducted on the orders of the Committee or the Board."

**(૧૨)** આમ, ઉપરોકત કાયદાકીય જોગવાઈ ધ્યાનમાં રાખી ઉપસ્થિત મુદ્દાના અનુસંધાને ફરીયાદપક્ષે પડેલ પુરાવો ધ્યાને લેવામાં આવે તો, સૌપ્રથમ ફરીયાદી કે જે ભોગ બનનારના માતાની સોગંદ પરની જુબાની ધ્યાને લેવામાં આવે તો, તેઓને આંક–૧૯ (PW-1) થી તપાસવામાં આવેલ છે. સદર ફરીયાદી તેમના પુરાવામાં જણાવેલ છે કે, તેઓને સંતાનમાં બે દિકરીઓ છે અને એક દિકરો છે. ભોગબનનાર બીજા નંબરની દિકરી છે. બનાવ સમયે તેણીની ઉંમર ૧૨ વર્ષની હતી. ભોગબનનાર ધોરણ–૭ માં અભ્યાસ કરે છે. તેના જન્મની નોંધણી તેઓએ કરાવેલ હતી. વધુમાં ભોગબનનારના પિતાને આંક–૨૦ (PW-2) થી તપાસવામાં આવેલ છે. સદર

સાહેદ તેમના પુરાવામાં જણાવેલ છે કે, તેઓને સંતાનમાં બે દિકરીઓ છે અને એક દિકરો છે. ભોગબનનાર બીજા નંબરની દિકરી છે. બનાવ સમયે તેણીની ઉંમર ૧૨ વર્ષની હતી. ભોગબનનાર ધોરણ–૭ માં અભ્યાસ કરે છે. તેના જન્મની નોંધણી તેઓએ કરાવેલ હતી.તેમજ ભોગબનનારની આંક–૨૩ ની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, તેણી ધોરણ–૭ સુધી ભણેલ છે અને તેણીની જન્મ તારીખ ૧૨/૦૬/૨૦૧૩ ની છે. વધુમાં ભોગબનનારનો જન્મનો દાખલો ત.ક.અમલદારે તેઓની તપાસ દરમ્યાન મેળવેલ જે આંક–P7/PW-6 થી રજુ રાખવામાં આવેલ છે. જે જોતા તેણીની જન્મ તારીખ ૧૨/૦૬/૨૦૧૩ ની છે.તેણીનો જન્મ અમરેલીમાં થયેલ અને તેણીના જન્મની નોંધ પણ થયેલ છે. તેમજ તા. ૧૪/૦૬/૨૦૧૩ ના રોજ જે તે સમયના કલાર્કે ભોગબનનારની જન્મની નોંધણી કરેલ છે. તે પ્રમાણે આંક–P-7/PW-6 થી ભોગબનનારનું જન્મનું પ્રમાણપત્ર ઇશ્યુ થયેલ છે.

આમ, રજુ થયેલ ભોગબનનારના જન્મના પ્રમાણપત્રના દાખલામાં ભોગબનનારની જન્મ તારીખ ૧૨/૦૬/૨૦૧૩ ની છે અને તે જન્મના પ્રમાણપત્રનો દાખલો પુરાવા કાયદાની કલમ–૩૫ મુજબ પબ્લીક ડોકયુમેન્ટ તરીકે સ્વીકૃત છે. જે નહી માનવાને કોઇ કારણ નથી. કારણ કે તે સરકારી દસ્તાવેજ છે અને ઉપર ચર્ચા કરી તે મુજબ પોકસો એકટની કલમ–૩૪ તથા જે.જે.એકટની કલમ–૯૯ ની તમામ જોગવાઇઓ પરીપુર્ણ કરે છે તેમજ નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા આપવામાં આવેલ **P. YUVAPRAKASH VERSUS STATE REP. BY INSPECTOR OF POLICE** ના ચુકાદાની તમામ જોગવાઇઓ પરીપુર્ણ કરતો હોય આ આંક–P7/PW-6 થી રજુ થયેલ દસ્તાવેજ ભોગબનનારની ઉંમર નકકી કરવા માટેના યોગ્ય અને કાયદેસરના કાયદામાન્ય દસ્તાવેજ છે અને તે દસ્તાવેજ મુજબ ભોગબનનારની જન્મ તારીખ ૧૨/૦૬/૨૦૧૩ ની હોવાનું નિ:શંકપણે પુરવાર થયેલ છે. તેમજ સદરહું ફરીયાદી તથા ભોગબનનારની ઉલટતપાસની હકિકત જોઇએ તો પણ ભોગબનનારની ઉંમર ૧૨/૦૬/૨૦૧૩ ની નથી તેવી કોઇ તકરાર લેવામાં આવેલ નથી. તેમજ ફરીયાદી તથા ભોગબનનારની ઉલટતપાસ જોતા આ હકિકતને પડકારેલ ન હોય તેને ન માનવાને કોઇ કારણ નથી. આમ,

ફરીયાદપક્ષનો ઉપરોકત પુરાવો ધ્યાને લઈએ તો ફરીયાદી, તથા ભોગબનનાર તથા ત.ક.અમલદારની જુબાની વિશ્વાસનીય છે અને તે જુબાનીને આધારે તે વિશ્વાસ તરફ કોર્ટને દોરી જાય તે રીતનો પુરાવો છે. આમ, ફરીયાદપક્ષે ભોગબનનારની જન્મ તારીખ તા.૧૨/૦૬/૨૦૧૩ ની હોવાનું સાબિત કરેલ છે. તેમજ બનાવ તા.૧૫/૧૧/૨૦૨૫ નાં રોજ બનેલ તેથી બનાવ વખતે ભોગબનનારની ઉંમર ૧૨ વર્ષ ૦૫ માસ હોવાની હકિકત ફરીયાદપક્ષે સાબિત કરેલ છે. આમ, ફરીયાદપક્ષે ઉપરોક્ત પુરાવાને આધારે તેમજ ઉપરોક્ત કાયદાકીય જોગવાઈઓને આધારે ભોગ બનનાર બનાવ સમયે સગીર વયના હોવાનું નિ:શંકપણે પુરવાર થતુ હોય, અત્રે ઉપસ્થિત **મુદ્દા નં.૧** નો જવાબ **હકારમાં** આપવામાં આવે છે.

**મુદ્દા નં.૨ :–**

શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તા.૧૪/૧૧/૨૦૨૫ ના રોજ રાત્રીના છ વાગ્યાના અરસામાં આ કામના ફરીયાદીની દિકરી (ભોગબનનાર) ઉ.વ.આ.૧૨ વર્ષ ૫ માસ વાળીને લગ્ન કરવાની લાલચ આપી લલચાવી, ફોસલાવી સગીરાનું ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી, લઈ જઈ, ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૩૭(૨),૮૭ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

**મુદ્દા નં. ૨ ની ચર્ચા :–**

(૧૩) સદર મુદ્દાના અનુસંધાને ફરીયાદપક્ષે બી.એન.એસ.કલમ–૧૩૭(૧(બી) મુજબ સ્ત્રી હોય તો ૧૮ વર્ષ કે તેથી ઓછી ઉંમરની સગીર વ્યકિતને કાયદેસરના વાલી પણામાંથી એવા વાલીની સંમતી વિના જે કોઈ વ્યકિત લઈ જાય અથવા ફોસલાવીને લઈ જાય એવા સગીરને અથવા એવી વ્યકિતને કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરેલાનો ગુન્હો બને તેમજ આવુ અપહરણનું કૃત્ય કોઈ સ્ત્રીને તેમની ઈચ્છા વિરૂદ્ધ લગ્ન કરવાની ફરજ

પાડવાના ઈરાદાથી અથવા એવો સંભવ હોવાનું જાણા છતા અથવા તેને લગ્ન બાહય સંભોગ કરવાની ફરજ પાડાવનો અથવા તેમ કરવા માટે ફોસલાવાના ઈરાદાથી અથવા તેમ કરવામાં આવશે તેવો સંભવ હોવાનું જાણવા છતા તેનુ અપનયન કરે તો આ જોગવાઈ મુજબ શીક્ષાને પાત્ર ગુન્હો ગણાય અને આમ, ઉપરોકત જોગવાઈઓ ધ્યાને લેતા આ કામે પડેલ પુરાવાના અનુસંધાને મુલ્યાંકન કરીએ તો ભોગબનનારની પોતાની આંક–૨૩ ની સોગંદ ઉપરની જુબાની ધ્યાને લેતા, બનાવ સમયે તેણી તેમના માતા–પિતા સાથે રહેતી હતી અને બનાવ સમયે તેણીની ઉંમર ૧૨ વર્ષની હતી. તેણી ધોરણ–૭ સુધી ભણેલ છે. તેમજ તેણીની જન્મ તારીખ ૧૨/૦૬/૨૦૧૩ ની છે.બનાવના દિવસે તેણીને અભ્યાસમાં કંટાળો આવતો હોવાથી ઘરેથી ભાગી ગયેલી અને ત્યારબાદ બીજા દિવસે તેણી તેણીના ઘરે આવી ગયેલ હતી. તેમજ એવુ બનેલ નહી કે, આરોપી અજયે તેણીને થપ્પડ મારેલ હોય અને તેણી બેભાન થઇ ગયેલ હોય અને અજયે તેણીની સાથે શારીરીક સબંધ બાંધેલ નથી. વધુમાં ભોગબનનારની ઉલટતપાસ જોવામાં આવે તો, એ વાતનો સ્વીકાર કરે છે કે, આરોપી અજયે તેણીની સાથે શારીરીક સબંધ બાંધેલ નથી. તેમજ મયુરે તેણીને મોટર સાયકલમાં બેસાડીને અપહરણ કરેલ નથી. વધુમાં આ કામે ફરીયાદીની ઉલટતપાસ જોવામાં આવે તો, સામાન્ય બોલાચાલીની ફરીયાદ તેઓએ પોલીસમાં આપેલ હતી. તેમજ ભોગબનનાર સાથે આરોપીએ શરીર સબંધ બાંધેલ નથી કે આરોપીઓએ ભોગબનનારને ભગાડી ગયેલ નથી. આવી જ વિગત ભોગબનનારનાં પિતાએ પોતાની જુબાનીમાં જણાવેલ છે. આમ, આ કામના આરોપીઓએ ભોગબનારનું ફરીયાદીના કાયદેસરના વાલીપણા માંથી અપહરણ કરવામાં આવેલ હોવા સબબની આરોપીઓની વિરૂદ્ધની તહોમત માહેની હકિકત નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી. આમ, ઉપરોકત ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા અત્રે ઉપસ્થીત મુદ્દા નં.ર નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

**મુદ્દા નં.૩ :–**

(૩) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ઉપરોકત જણાવેલ આરોપીઓએ ભોગબનનારનું અપહરણ કી કેશવાળા ગામની સીમમાં ભગાડી લઈ જઈ ભોગબનનાર સગીર વયની હોવાનું જાણવા છતા, માનતા હોવા છતા, આ કામના આરોપીઓએ ભોગબનનાર સાથે અવાર નવાર જાતીય સંભોગ કરી, બળાત્કાર ગુજારી, આ કામના આરોપીઓએ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૩૭(૨),૫૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે?

**મુદ્દા નં.૪ :–**

(૪) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ઉપરોક્ત હકીકતોએ ભોગ બનનાર સગીર બાળકી પર આ કામના આરોપીઓએ ઉગ્ર પ્રવેશ જાતિય હુમલાઓ કરી, જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ ૨૦૨૧ ની કલમ–૪(૨),૧૭ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

**મુદ્દા નં.૫ :–**

(૫) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીઓએ આ કામના ભોગબનનાર અનુસુચિત જાતી અને અનુસુચિત જનજાતીના સભ્ય હોવાનું પ્રથમથી જ જાણતા હોવા છતાં, ફરીયાદપક્ષના કેસની હકીકતો અનુસાર ભોગબનનારને આરોપીઓએ તેની જાહેરમાં જ્ઞાતી પ્રત્યે હડધુત, અપમાનીત કરી, ધમકી આપી, ઉપરોક્ત ગુનાખોરી આચરી, અનુસુચિત જાતી તથા અનુસુચિત જનજાતી (અત્યાચાર નિવારણ) અધિનિયમની કલમ–૩(૧)(ડબલ્યુ),૩(૨)(૫–એ) મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

**મુદ્દા નં. ૩ થી ૫ ની સંયુકત ચર્ચા :–**

**(૧૪)** ફરીયાદપક્ષે આરોપી વિરૂદ્ધ એવુ તહોમત મુકેલ છે કે, આ કામેના સગીર ભોગબનનાર સાથે આરોપીએ એક થી વધુ વખત શારીરીક

સંભોગ કરી, બળાત્કાર ગુજારી ભારતીય ન્યાય સંહિતાની કલમ–૬૫(૧) (સંલગ્ન આઇ.પી.સી.કલમ–૩૭૬(૩) મુજબનો ગુન્હો કરેલછે. ‘‘બળાત્કાર’’ શબ્દને ભારતીય ન્યાય સંહિતાની કલમ–૬૩ ની જોગવાઇથી વ્યાખ્યાબંધ કરવામાં આવેલ છે. જે નીચે મુજબ છે.

**63. Rape.-- A man is said to commit "rape" if he--**

(a) penetrates his penis, to any extent, into the vagina, mouth, urethra or anus of a woman or makes her to do so with him or any other person; or

(b) inserts, to any extent, any object or a part of the body, not being the penis, into the vagina, the urethra or anus of a woman or makes her to do so with him or any other person; or

(c) manipulates any part of the body of a woman so as to cause penetration into the vagina, urethra, anus or any part of body of such woman or makes her to do so with him or any other person; or

(d) applies his mouth to the vagina, anus, urethra of a woman or makes her to do so with him or any other person,

**under the circumstances falling under any of the following seven descriptions:**

***First.***Against her will.

***Secondly***.Without her consent.

***Thirdly***.With her consent, when her consent has been obtained by putting her or any person in whom she is interested, in fear of death or of hurt.

***Fourthly.***With her consent, when the man knows that he is not her husband and that her consent is given because she believes that he is another man to whom she is or believes herself to be lawfully married.

***Fifthly.***With her consent when, at the time of giving such consent, by reason of unsoundness of mind or intoxication or the administration by him personally or through another of any stupefying or unwholesome substance, she is unable to

understand the nature and consequences of that to which she gives consent.

***Sixthly*.With or without her consent, when she is under eighteen years of age.**

*Seventhly*.When she is unable to communicate consent.

*Explanation 1*.For the purposes of this section, "vagina" shall also include labia majora.

*Explanation 2*.Consent means an unequivocal voluntary agreement when the woman by words, gestures or any form of verbal or non-verbal communication, communicates willingness to participate in the specific sexual act:

Provided that a woman who does not physically resist to the act of penetration shall not by the reason only of that fact, be regarded as consenting to the sexual activity.

*Exception 1*.A medical procedure or intervention shall not constitute rape.

*Exception 2*.Sexualwith his own wife, the wife not being under fifteen years of  intercourse or sexual acts by a man age, is not rape.

(૧૪.૧) **Section 65(1):- Punishment for rape on woman under twelve years of age**

Whoever, commits rape on a woman under sixteen years of age shall be punished with rigorous imprisonment for a term which shall not be less than twenty years, but which may extend to imprisonment for life, which shall mean imprisonment for the remainder of that person’s natural life, and shall also be liable to fine;

Provided that such fine shall be just and reasonable to meet the medical expenses and rehabilitation of the victim:

Provided further that any fine imposed under this section shall be paid to the victim.

**(૧૪.૨)** મુદ્દા નં.૧ ની ચર્ચા મુજબ ભોગબનનારની ઉંમર વર્ષ ૧૨ ની હતી ત્યારે તેણી ઉપર આરોપીઓ દ્ધારા બળાત્કાર થયેલ હોવાનું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરે તેવા સંજોગોમાં ઉકત કલમ મુજબ આરોપીઓ શિક્ષાને પાત્ર બને છે.

**(૧૫)** આમ, ઉપરોકત કાયદાકીય જોગવાઇ ધ્યાને લેતા આ કામે ફરીયાદપક્ષના પુરાવાનું મુલ્યાંકન સદર મુદ્દાના અનુસંધાને નીચે મુજબ હાથ ધરવામાં આવેલ છે. જેમાં સૌપ્રથમ <u>ભોગબનનારના માતા/ફરીયાદીની જુબાની જોઇએ તો, તેણીની જુબાની આંક-૧૯</u> થી થયેલ છે. તેણી તેમની જુબાનીમાં જણાવે છે કે,તેઓને સંતાનમાં બે દિકરીઓ અને એક દિકરો છે. ભોગબનનાર બીજા નંબરની દીકરી છે. બનાવ વખતે તેણીની ઉંમર ૧૨ વર્ષની હતી.ભોગબનનાર ધોરણ-૭ માં અભ્યાસ કરે છે. તેના જન્મની નોંધણી તેઓએ કરાવેલ હતી. બનાવના દિવસે ભોગબનનાર ધરેથી જતી રહેલ હતી અને બીજા દિવસે પોતાની મેળે પરત આવી ગયેલ હતી. <u>એવુ બનેલ નહી કે, આરોપી અજય અને આરોપી મયુર ભોગબનનારને ભગાડી લઇ ગયેલ હોયઅને આરોપી અજયે ભોગબનનાર સાથે તેની મરજી વિરૂદ્ધ શરીર સબંધ બાંધેલ હોય.</u> તેમજ આ કામના આરોપીઓ સાથે અગાઉ કામકાજ બાબતે બોલાચાલી થયેલ હતી જેથી તેઓએ આરોપીઓ સામે પોલીસમાં ફરીયાદ આપેલી. જે ફરીયાદ આંક-P1-PW1 થી રજુ રાખવામાં આવેલ છે જેમાં તેઓની સહી ઓળખી બતાવે છે.

સદરહું ફરીયાદીને વિ.એડી.પી.પી.શ્રી ધ્વારા ફરી ગયેલા જાહેર કરી ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૧૫૪ મુજબ ઉલટતપાસ કરવાની પરવાનગી માંગતા જે નામદાર કોર્ટ ધ્વારા આપવામાં આવેલ અને ત્યારબાદ ફરીયાદીની ઉલટતપાસ કરવામાં આવેલ જેમાં પણ કોઇ ફળદાયી હકિકત જણાવેલ નથી. તેમજ આરોપી તરફેની <u>ઉલટતપાસમાં એ વાત સ્વીકારેલ છે કે, આરોપી અજયે ભોગબનનાર દિકરી સાથે શરીર</u>

સબંધ બાંધેલ નથી તેમજ મયુરે ભોગબનનારને મોટર સાયકલમાં લઇ ગયેલ નથી. તેમજ એ વાત કબુલ રાખેલ છે કે, ભોગબનનનારે તેઓને આરોપીઓ વિરૂદ્ધ અંગેનાં બનાવ બાબતની કોઇ હકિકત જણાવેલી નથી. આરોપીઓ સાથે કામકાજ બાબતે બોલાચાલી થયેલી જેથી પોલીસમાં બોલાચાલીની ફરીયાદ આપેલી.

**(૧૫.૧)** આમ, ફરીયાદીની સમગ્ર જુબાની જોતા, તેઓએ જે ફરીયાદમાં હકિકત લખાવેલ છે તેનાથી વિપરીત હકિકત તેઓ સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે. તેમજ આ કામના આરોપીઓએ તહોમતનામા મુજબનો ગુન્હો કરેલ હોય તેવી હકિકતને ફરીયાદી સમર્થન કરતા નથી. વધુમાં બનાવ ફરીયાદીએ નજરે જોયેલ નથી કે ભોગબનનારે ફરીયાદીને બનાવ અંગે કોઇ વાત કરેલ નથી. જેથી ખરેખર બનાવ બનેલ છે કે કેમ તે શંકા ઉપજાવે છે. આમ, આ કામના આરોપીએ ભોગબનનાર સાથે તેણીની મરજી વિરૂદ્ધ શારીરીક સબંધ બાંધેલાની હકિકત પુરવાર થતી નથી.

**(૧૬)** વધુમાં ફરીયાદપક્ષે સાહેદ ભોગબનનારના પિતા નાઓને આંક-૨૦ થી સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, તેઓને સંતાનમાં બે દિકરીઓ અને એક દિકરો છે. ભોગબનનાર બીજા નંબરની દીકરી છે. બનાવ વખતે તેણીની ઉંમર ૧૨ વર્ષની હતી.ભોગબનનાર ધોરણ-૭ માં અભ્યાસ કરે છે. તેના જન્મની નોંધણી તેઓએ કરાવેલ હતી. બનાવના દિવસે ભોગબનનાર ધરેથી જતી રહેલ હતી અને બીજા દિવસે પોતાની મેળે પરત આવી ગયેલ હતી. એવુ બનેલ નહી કે, આરોપી અજય અને આરોપી મયુર ભોગબનનારને ભગાડી લઇ ગયેલ હોયઅને આરોપી અજયે ભોગબનનાર સાથે તેની મરજી વિરૂદ્ધ શરીર સબંધ બાંધેલ હોય. તેમજ આ કામના આરોપીઓ સાથે અગાઉ કામકાજ બાબતે બોલાચાલી થયેલ હતી જેથી તેઓના પત્નીએ આરોપીઓ સામે પોલીસમાં ફરીયાદ આપેલી.

સદરહું સાહેદને વિ.એડી.પી.પી.શ્રી ધ્વારા ફરી ગયેલા જાહેર કરી ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૫૪ મુજબ ઉલટતપાસ કરવાની પરવાનગી માંગતા જે નામદાર કોર્ટ ધ્વારા આપવામાં આવેલ અને ત્યારબાદ સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ જેમાં પણ કોઇ ફળદાયી હકિકત જણાવેલ નથી. તેમજ આરોપી તરફેની ઉલટતપાસમાં એ વાત સ્વીકારેલ છે કે, આરોપી અજયે ભોગબનનાર દિકરી સાથે શરીર સબંધ બાંધેલ નથી તેમજ મયુરે ભોગબનનારને મોટર સાયકલમાં લઇ ગયેલ ગથી. તેમજ એ વાત કબુલ રાખેલ છે કે, ભોગબનનનારે તેઓને આરોપીઓ વિરૂદ્ધ અંગેનો બનાવ બાબતની કોઇ હકિકત જણાવેલી નથી. આરોપીઓ સાથે કામકાજે બાબતે બોલાચાલી થયેલી જેથી પોલીસમાં બોલાચાલીની ફરીયાદ આપેલી.

**(૧૬.૧)** આમ, ફરીયાદીની સમગ્ર જુબાની જોતા, તેઓએ જે ફરીયાદમાં હકિકત લખાવેલ છે તેનાથી વિપરીત હકિકત તેઓ સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે. તેમજ આ કામના આરોપીઓએ તહોમતનામા મુજબનો ગુન્હો કરેલ હોય તેવી હકિકતને સદરહું સાહેદ સમર્થન કરતા નથી. વધુમાં બનાવ ફરીયાદીએ નજરે જોયેલ નથી કે ભોગબનનારે ફરીયાદીને બનાવ અંગે કોઇ વાત કરેલ નથી. જેથી ખરેખર બનાવ બનેલ છે કે કેમ તે શંકા ઉપજાવે છે.

**(૧૭)** વધુમાં ફરીયાદપક્ષે ડોકટર હાર્વીશા સીરજા નાઓને આંક–૨૨ થી સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે,તા.૧૬/૧૧/૨૦૨૫ ના રોજ તેઓ ગોંડલ સરકારી હોસ્પી. માં ફરજ ઉપર હતા ત્યારે આરોપી અજય હરેશભાઇની શારીરીક તપાસણી કરેલી. જેમાં આરોપીના પ્રાઇવેટ ભાગ કે બાહય ભાગ ઉપર કોઇ ઇજાના નિશાનો મળેલા ન હતા. તેમજ તેના કહેવા પ્રમાણે મેડીકલ તપાસણી સહમતીથી સંમતી લીધેલી હતી અને આરોપીના કહેવા પ્રમાણે ગુન્હાની હિસ્ટ્રી સર્ટીફીકેટમાં લખેલ છે તે મુજબ જણાવેલી. તેમજ શરીર ઉપર જુદા જુદા નમુના સર્ટીફીકેટ મુજબ આરોપીના શરીર ઉપરથી લીધેલ હતા અને

તેઓએ તેઓનું મેડીકલ સર્ટી આપેલ હતુ. જે આંક– P2/PW3 થી મેડીકલ સર્ટી. રજુ રાખેલ છે. જેમાં તેઓની સહી ઓળખી બતાવે છે. તેઓના અભિપ્રાય મુજબ આરોપી શરીર સબંધ બાંધવા સક્ષમ છે.

સદરહું ડોકટરશ્રીની આરોપીઓ તરફેની ઉલટતપાસ ધ્યાને લેતા તેઓ એ વાતનો ઈન્કાર કરે છે કે, હિસ્ટ્રી તેઓએ જાતે તેઓની રીતે લખી લીધેલ છે. તેમજ એ વાત કબુલ રાખેલ છે કે, આરોપીના પ્રાઈવેટ પાર્ટ ઉપર કોઇ ઈજાના નિશાન ન હતા.

**(૧૭.૧)** આમ, ડોકટરશ્રીની સમગ્ર જુબાની જોઈએ તો, આંક– P2/PW3 થી રજુ થયેલ મેડીકલ સર્ટીફીકેટમાં આ કામના ભોગબનનાર સાથે તેઓએ શારીરીક સબંધ બાંધેલ ન હોવાનું તેઓની હિસ્ટ્રીમાં જણાવેલ છે. તેમજ ઉપર કરેલ ચર્ચા મુજબ ફરીયાદીની જુબાની જોતા આ કામના આરોપીએ ભોગબનનાર સાથે શરીર સબંધ બાંધેલ નથી તેમ જણાવેલ છે. તેમજ ત.ક.અમલદારની જુબાની ધ્યાને લેતા તેઓએ એફ.એસ. એલ.નો રીપોર્ટ રજુ રાખેલ છે જેમાં આરોપી તથા ભોગબનનારના કપડા કે ગુપ્તભાગમાં વિર્યની હાજરી મળી આવેલ નથી. તેમજ ફરીયાદીએ પોલીસ રૂબરૂના નિવેદનથી વિપરીત વિગતો તેણીએ કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવેલ હોય, જેથી અન્ય સાંયોગીક પુરાવા વિના માત્ર ડોકટરશ્રીની જુબાનીને આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી.

**(૧૮)** વધુમાં આ કામે <u>ભોગબનનારની આંક–૨૩ થી સોગંદ પરની</u> જુબાની જોતા, ધોરણ–૭ સુધી તેઓએ અભ્યાસ કરેલ છે. તેણીની જન્મ તારીખ ૧૨/૦૬/૨૦૧૩ ની છે. બનાવના દિવસે તેઓ અભ્યાસ માં કંટાળો આવતો હોય જેથી ધરેથી જતી રહલી અને ત્યારબાદ બીજા દિવસે તેણી તેણીના ધરે આવી ગયેલ હતી. એવુ બનેલ નહી કે, આ કામના આરોપી અજય અને મયુર તેણીને મોટર સાયકલમાં બેસાડી ગામની સીમમાં લઇ ગયેલ હોય તેમજ આરોપી અજયે તેણીને થપ્પડ મારેલ હોય

અને તેણી બેભાન થઇ ગયેલ હોય તેવુ બનેલ નથી. તેમજ આરોપી અજયે તેણી સાથે શારીરીક સબંધ બાંધેલ નથી. તેઓના પિતાએ આરોપીઓ સામે ફરીયાદ કરતા તેઓની કોર્ટમાં પુછપરછ કરેલી. તેમજ આંક–P3/ PW4 થી નિવેદન રજુ રાખવામાં આવેલ છે જેમાં તેની સહી ઓળખી બતાવે છે.

સદરહું ભોગબનનારને વિ.એડી.પી.પી.શ્રી દ્વારા ફરી ગયેલા જાહેર કરી ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૫૪ મુજબ ઉલટતપાસ કરવાની પરવાનગી માંગતા જે નામદાર કોર્ટ દ્વારા આપવામાં આવેલ અને ત્યારબાદ ભોગબનનારની ઉલટતપાસ કરવામાં આવેલ જેમાં પણ કોઇ ફળદાયી હકિકત જણાવેલ નથી. તેમજ આરોપીઓ તરફેની ઉલટતપાસમાં એ વાત સ્વીકારેલ છે કે, આરોપીઓ સાથે કામકાજ બાબતે બોલાચાલી થયેલી જેથી તેઓના પિતાએ પોલીસમાં બોલાચાલીની ફરીયાદ આપેલી. તેમજ એ વાત કબુલ રાખેલ છે કે, આરોપી અજયે તેણીની સાથે શારીરીક સબંધ બાંધેલ નથી. તેમજ મયુરે ભોગબનનારને મોટર સાયકલમાં લઇ ગયેલ નથી. તેમજ એ વાત કબુલ રાખેલ છે કે, આરોપી અજયે તેણીને ઝાપટ મારેલ નથી કે શારીરીક સબંધ બાંધેલ નથી. તેમજ એ વાત કબુલ રાખેલ છે કે, પોલીસના કહેવાથી કોર્ટ રૂબરૂ વિગતો લખાવેલી.

**(૧૮.૧)** આમ, ભોગબનનારની સમગ્ર જુબાની જોતા, તેઓએ તેઓના નિવેદનમાં જે હકિકત લખાવેલ છે તેનાથી વિપરીત હકિકત તેઓ સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે. તેમજ આ કામના આરોપીઓએ તહોમતનામા મુજબનો ગુન્હો કરેલ હોય તેવી હકિકતને ભોગબનનાર સમર્થન કરતા નથી. વધુમાં બનાવ બાદ ભોગબનનારે તેણીની સાથે જે બનાવ બનેલ છે તેની હકિકત તેઓના માતા–પિતાને કરેલ નથી. તેમજ ભોગબનનાર પણ તેઓની જુબાનીને સમર્થન કરતા નથી. આમ,આ કામના આરોપીઓએ તહોમતનામા મુજબનો ગુન્હો કરેલ હોય તે હકિકત પુરવાર કરવામાં ફરીયાદપક્ષ સદંતર નિષ્ફળ નિવડેલ છે.

(૧૯) વધુમાં આ કામે <u>ભોગબનનારની શારીરીક તપાસણી કરનાર ડોકટર વિકાસ ઠુમ્મર નાઓને આંક-૨૪</u> થી સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે,તા.૧૫/૧૧/૨૦૨૫ ના રોજ ગોંડલ સરકારી હોસ્પીટલમાં ફરજ પર હતા ત્યારે ભોગબનનાર તેઓની પાસે પોલીસ સાથે શારીરીક તપાસણી માટે આવેલ હતા. ભોગબનનારની શારીરીક તપાસણી કરેલી. જેમાં ભોગબનનારના પ્રાઈવેટ ભાગ કે બાહય ઈજાના નિશાનો જોવા મળેલ ન હતા. તેમજ તેના કહેવા પ્રમાણે ગુન્હાની હિસ્ટ્રી સર્ટીફીકેટમાં લખેલ છે તે મુજબ જણાવેલી. તેમજ શરીર ઉપર જુદા જુદા નમુના સર્ટીફીકેટ મુજબ ભોગબનનારના શરીર ઉપરથી લીધેલ હતા અને તેઓએ તેઓનું મેડીકલ સર્ટી આપેલ હતુ. જે આંક-P4/PW5 થી મેડીકલ સર્ટી. રજુ રાખેલ છે.

આરોપી તરફેની ઉલટતપાસમાં એ વાતનો ઈન્કાર કરે છે કે, હિસ્ટ્રી તેઓએ જાતે તેઓની રીતે લખી લીધેલ છે. તેમજ એ વાત કબુલ રાખેલ છે કે,ભોગબનનારના પ્રાઈવેટ પાર્ટ ઉપર કોઈ ઈજાના નિશાન ન હતા.આમ, ઉપરોકત મેડીકલ સર્ટીફીકેટ જોતા પણ આરોપીએ ભોગબનનાર સાથે શારીરીક સબંધ બાંધેલ હોય તેવુ મેડીકલ સર્ટીમાં જણાવેલ નથી. વિશેષમાં આવી કોઈ વિગતને ભોગબનનારે પોતાની જુબાનીમાં સમર્થન આપેલ નથી. તેમજ ભોગબનનાર તથા ફરીયાદીની જુબાની જોતા પણ આરોપીએ ભોગબનનાર સાથે શારીરીક સબંધ બાંધેલ નથી તેમ જણાવેલ છે.

(૨૦) વધુમાં ફરીયાદ પક્ષે <u>ત.ક.અમલદાર શ્રીજીતા સાકળચંદ્ર પટેલ નાઓને આંક-૨૫</u> થી સોગંદપરની જુબાનીમાં જણાવે છે કે,તા.૧૫/૧૧/૨૦૨૫ ના રોજ તેઓ રાજકોટ ગ્રામ્યમાં એસ.સી.એસ.ટી. સેલમાં ફરજ બજાવતી હતી ત્યારે સુલતાનપુર પો.સ્ટે.માં ગુ.જી.નં.૩૬૮/૨૦૨૫ ની તપાસ તેઓને મળેલ હતી. આ તપાસ અનુસંધાને તેઓએ સાહેદોના નિવેદન લીધેલા અને ભોગબનનારનું નિવેદન લીધેલ. તેમજ આરોપી અજય તથા ભોગબનનારની મેડીકલ તપાસણી કરાવેલ. આરોપી અજય તથા ભોગબનનારના કપડા કબ્જે કરેલાનું પંચનામું કરેલ, ભોગબનનારનું

બી.એન.એસ.એસ. કલમ–૧૮૩ નું નિવેદન લેવડાવેલ, સ્થાનીક જગ્યાનું પંચનામું કરેલ, ભોગબનનારનું જન્મ પ્રમાણપત્ર તથા જ્ઞાતીનું પ્રમાણપત્ર મેળવેલ. તેમજ કબ્જે કરેલ મુદ્દામાલ એફ.એસ.એલ.માં મોકલેલ. આરોપીઓ સામે પુરતો પુરાવો હોય આ ગુન્હાનું ચાર્જશીટ કરેલ. તેમજ આંક–P5/PW6 થી ગુન્હો રજી કરવાનો પત્ર રજુ રાખવામાં આવેલ છે. જે ઓળખી બતાવે છે. તેમજ આંક–P6/PW6 થી તપાસનો હુકમ રજુ રાખવામાં આવેલ છે. જે ઓળખી બતાવે છે. તેમજ આંક–P7/PW6 થી ભોગબનનારનું જન્મનું પ્રમાણપત્ર રજુ રાખવામાં આવેલ છે. જે ઓળખી બતાવે છે. તેમજ આંક–P8/PW6 થી જ્ઞાતીનું પ્રમાણપત્ર રજુ રાખવામાં આવેલ છે. જે ઓળખી બતાવે છે. તેમજ આંક–P9/PW6 થી મોબાઇલ એફ.એસ.એલ. રીપોર્ટ રજુ રાખવામાં આવેલ છે. જે ઓળખી બતાવે છે. તેમજ આંક–P10/PW6 થી બનાવવાળી જગ્યાનું પંચનામું રજુ રાખવામાં આવેલ છે. જે ઓળખી બતાવે છે. તેમજ આંક–P11/PW6 થી ભોગબનનાના કપડા કબ્જે કરેલાનું પંચનામું રજુ રાખવામાં આવેલ છે. જે ઓળખી બતાવે છે. તેમજ આંક–P12/PW6 થી આરોપીનું અટક તથા મો.સા.કબ્જે કરેલાનું પંચનામું રજુ રાખવામાં આવેલ છે. જે ઓળખી બતાવે છે. તેમજ આંક–P13/PW6 થી મુદ્દામાલ રવાનગી નોંધ તથા સતાનું પ્રમાણપત્ર રજુ રાખવામાં આવેલ છે. જે ઓળખી બતાવે છે. તેમજ આંક–P14/PW6 થી એફ.એસ.એલ. પહોંચ રજુ રાખવામાં આવેલ છે. જે ઓળખી બતાવે છે. તેમજ આંક–P15/PW6 થી એફ.એસ.એલ. રીપોર્ટ રજુ રાખવામાં આવેલ છે. જે રીપોર્ટ કબુલ રાખવામાં આવેલ છે.

સદરહું ત.ક.અમલદારની આરોપીઓ તરફેની ભોગબનનારનું નિવેદન તેઓએ તેઓની જાતે લખી લીધેલ. તેમજ ઉલટતપાસમાં એ વાતનો ઈન્કાર કરે છે કે, સાહેદોના નિવેદનો ફરીયાદપક્ષના કેસને અનુરુપ જાતે લખી લીધેલા. તેમજ એ વાતનો ઈન્કાર કરે છે કે,પુરતો પુરાવો ન હોવા છતા ખોટુ ચાર્જશીટ કરેલ છે.

**(૨૦.૧)** આમ, ત.ક.અમલદારની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો, પંચોના નામ ઠામ તેઓની જુબાનીમાં જણાવતા નથી. તેમજ ફરીયાદપક્ષે

પંચ સાહેદોને તપાસવમાં આવેલ નથી કે જેથી પંચો રૂબરૂ તેઓએ કરેલ પંચનામાઓ અત્રે પુરવાર થયેલા માની શકાય નહી. વધુમાં ફરીયાદી તથા ભોગબનનારની તેઓની ફરીયાદપક્ષના કેસની હકિકતને સમર્થન કરતા નથી. વધુમાં ફરીયાદપક્ષે રજુ કરવામાં આવેલ એફ.એસ.એલ. રીપોર્ટમાં પણ ભોગબનનારના શરીર ઉપર માનવ વિર્યની હાજરી મળી આવેલ નથી. તેમજ ડોકટરશ્રી પણ તેઓની ઉલટતપાસમાં એવાતનો સ્વીકાર કરેલ છે કે, ભોગબનનાર તથા આરોપીના ગુપ્ત ભાગ પર કોઇ ઈજાના નિશાન જોવામાં આવેલ નથી. તેમજ ફરીયાદીને પણ ભોગબનનારે બનાવ અંગેની કોઈ વાત કરેલ નથી. આમ, અત્રે એ નોંધનીય છે કે, ફરીયાદપક્ષ દ્ધારા રજુ કરવામાં આવેલ તબીબી પુરાવાઓ, ફોરેન્સીક અહેવાલ અને તેના અભિપ્રાયોએ એક સમર્થનકારક પ્રકારના પુરાવાઓ છે. જયારે પ્રત્યક્ષ, મુખ્ય અને મહત્વના ગણી શકાય તેવા સાહેદ ભોગબનનારે ફરીયાદપક્ષના કેસની હકિકતોને સમર્થન આપેલ નથી. ત્યારે સમર્થનકારક પ્રકારના પુરાવાઓને આધાર લઈ શકાય તેમ નથી. માટે, ફરીયાદપક્ષે રજુ કરવામાં આવેલ સદરહું તબીબી, તપાસ તથા સાયન્ટેફીક પુરાવાઓથી ફરીયાદપક્ષના કેસની હકિકતોને કોઈ જ સમર્થન પ્રાપ્ત થતુ નથી. આમ, સમગ્ર ત.ક.અમલદારની જુબાની જોઈએ તો પણ તટસ્થ તપાસ થયેલ હોય તેવુ જણાય આવતુ નથી.

**(૨૧)** અત્રે એ નોંધવુ જરૂરી છે કે, ટ્રાયલ દરમ્યાન સાહેદ દ્ધારા કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવેલ હકિકત સબસ્ટેન્શીયલ એવીડન્સ તરીકે ગણાતી હોય છે. જયારે ફરીયાદીએ તપાસ દરમ્યાન પોલીસ રૂબરૂ કે સતાધિશો રૂબરૂ આપેલ નિવેદનને કોરોબોટીવ એવીડન્સ તરીકે ગણવાનો હોય છે અને આરોપી સામેનું તહોમત પ્રોશીકયુશન દ્ધારા સબસ્ટેન્શીયલ એવીડન્સના આધારે પુરવાર કરવાનું હોય છે. સદર બાબતે **નામદાર સર્વોચ્ચ અદાલત દ્ધારા નેરા પેદ્દી રાજુ વિ. સ્ટેટ ઓફ આંધ્રાપ્રદેશ**ના કેસમાં ક્રિમીનલ અપીલ નં.૧૫૫૩/૨૦૧૯ માં કરેલ અવલોકનો ધ્યાને લેવા જરૂરી જણાય છે. જે નીચે મુજબ છે.*"it is the statement made on oath in the court*

*<u>which has to be the foundation of conviction.</u> Conviction of an accused cannot be based on a statement of the witnesses recorded under section 161 Cr.P.C. or even under 154 CrPC especially when the witnesses resile from their earlier statements while appearing in the court and make a completely diferent statement in the Court. Such witnesses cannot be classified as trustworthy witnesses."*

**(૨૨)** વધુમાં ફરીયાદપક્ષે આરોપીઓ વિરૂદ્ધના તહોમત માંહેના અનુસુચિત જાતી અને અનુસુચિત જનજાતી (અત્યાચાર નિવારણ) અધિનિયમની કલમ-૩(૧)(ડબલ્યુ),૩(૨)(૫-એ) મુજબના ગુન્હાના તહોમત સબબ સદરહું કલમ-૩(૧)(ડબલ્યુ) ની કાનુની જોગવાઈઓ હેઠળના ગુન્હા સબબના મુળ ધટકોને એ રીતે વર્ગીકૃત કરી શકાય જેમાં (૧) અનુસુચિત જાતી અથવા અનુસુચિત જનજાતીના સભ્યનું માનભંગ કરવાના હેતુથી ઈરાદાપુર્વક તેનું અપમાન અથવા ધમકી આપવામાં આવેલ હોય, (૨) તેવુ કૃત્ય કોઈપણ સ્થળે જાહેરમાં દ્રશ્યમાં કરવામાં આવેલ હોય. આમ, આ અધિનીયમની કલમ-૩(૧)(ડબલ્યુ) હેઠળનો ગુન્હો અનુસુચિત જન જાતી અથવા અનુસુચિત જાતીના સભ્યને અપમાનીત કરવાના ઈરાદા સાથે ઈરાદાપુર્વક અપમાનીત કરવા અથવા ધમકી આપવી તેમજ જ્ઞાતી વિષયક અપશબ્દોનાં ધટકને સુચવે છે. આ જોગવાઈનો બીજો મુખ્ય ધટક, આ કૃત્ય જાહેર દ્રષ્ટીકોણમાં કોઈ પણ જગ્યાએ થયેલ હોવુ જોઈએ.

**(૨૩)** આમ, આ જોગવાઈ અને તેમાં સમાવિષ્ટ આવશ્યક તત્વો સાથે ફરીયાદપક્ષે રજુ કરવામાં આવેલ ફરીયાદી તથા અન્ય સાહેદોની રજુ થયેલ મૌખીક પુરાવાની હકિકતો જોતા, તેમાં ફરીયાદી અનુસુચીત જાતીના સભ્ય હોવાનું અને આરોપી સવર્ણ જ્ઞાતીના સભ્ય હોવાનું તેઓની ફરીયાદમાં ઠરાવેલ છે. પરંતુ આ અધિનિયમની કલમ-૩(૧)(ડબલ્યુ) હેઠળનો ગુન્હો બનતો હોવા સબંધેની કોઈ જ હકિકત તેઓની સોગંદ પરની જુબાનીથી સાબિત થતી નથી. સદર કામે ફરીયાદી કે અન્ય સાહેદો તેઓની જુબાનીમાં

આ કામના આરોપીઓ ધ્વારા તેઓની જ્ઞાતીવિષયક અપમાનજનક શબ્દો ઉચ્ચારવામાં આવેલ હોય તેવુ જણાવતા નથી. આમ, સમગ્રપણે આરોપી વિરૂદ્ધનું અનુસુચિત જાતી અને અનુસુચિત જનજાતી (અત્યાચાર નિવારણ) અધિનિયમની કલમ–૩(૧)(ડબલ્યુ) મુજબના ગુન્હાઓ સબબનું તહોમત પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ હોવાનું જણાય આવે છે.

**(૨૪)** વધુમાં આ કામે અનુસુચિત જનજાતી (અત્યાચાર નિવારણ) અધિનિયમની કલમ–૩(૨)(૫–એ) મુજબ કાયદાકીય જોગવાઇ ધ્યાને લેતા આ કામના આરોપીએ બી.એન.એસ.કલમ હેઠળનો કોઇ ગુન્હો કરેલ હોવાનુ સાબિત થતુ ન હોય, તેમજ અનુસુચિત જનજાતી (અત્યાચાર નિવારણ) અધિનિયમની કલમ–૩(૨)(૫–એ) મુજબના ગુન્હા પણ પુરવાર થયેલ ન હોય, તેમને તકસીરવાન ઠરાવી શકાય નહી.

**(૨૫)** આમ, આરોપીઓ દ્વારા ફરીયાદીને ઉપરોકત જોગવાઇઓમાં સમાવિષ્ટ ગુન્હા સબંધેના આવશ્યક તત્વો ફલીત થતા હોય તેવી રીતેના કોઇ કૃત્યથી ફરીયાદી તથા ભોગબનનારને હડધુત, અપમાનીત કરાવામાં આવેલ હોય તેવી કોઇ જ હકિકત ફલીત થતી નથી. તેમજ આ કામના આરોપીઓ ભોગબનનાર તથા ફરીયાદીની જ્ઞાતી બાબતે અગાઉ ઓળખતા હોય તેવી કોઇ જ હકિકત ફરીયાદપક્ષે રજુ રાખેલ નથી.તેમજ ભોગબનનાર પણ આરોપીઓની જ્ઞાતી બાબતે બનાવ અગાઉ ઓળખતા હોય તેવુ પણ ફલીત થતુ નથી. તેમજ આરોપીઓની જ્ઞાતી બાબતે ત.ક.અમલદાર ધ્વારા કોઇ તપાસ કરેલ હોય તેવુ તેઓની જુબાની પરથી જણાય આવતુ નથી. આ સંજોગોમાં ફરીયાદી અનુસુચતિ જાતીના સભ્ય હતા તેટલા માત્રથી ફરીયાદપક્ષના કેસની હકિકતોએ આરોપીઓને અનુસુચિત જનજાતી અને અનુસુચિત જાતી (અત્યાચાર નિવારણ) અધિનિયમની કલમ–૩(૧)(ડબલ્યુ),૩(૨)(૫–એ) મુજબના ગુન્હાના તહોમતમાં તકસીરવાન ઠરાવવાને પર્યાપ્ત પુરાવો રેકર્ડ પરથી જણાય આવતો ન હોય, આ સંજોગોમાં આરોપીઓને તેમની સામેના અનુસુચિત જનજાતી અને અનુસુચિત જાતી

(અત્યાચાર નિવારણ) અધિનિયમની કલમ–૩(૧)(ડબલ્યુ),૩(૨)(૫–એ) મુજબના ગુન્હાના તહોમતમાં તકસીરવાન ઠરાવવા પાત્ર કોઈ કારણો ફલીત થતા નથી.

**(૨૬)** આમ, ફરીયાદપક્ષના કેસની હકિકતો અનુસારના સદરહું કામેના સૌથી મહત્વના ગણી શકાય તેવા ફરીયાદીએ, ભોગબનનારે કે ભોગબનનારના પિતાએ પોતાની જુબાની દરમ્યાન ફરીયાદ તથા ફરીયાદપક્ષના કેસની હકિકતોને સમર્થન આપેલ નથી અને ફરીયાદપક્ષના કેસની હકિકતોથી અસંગત, વિપરીત અને વિરૂદ્ધ પ્રકારની હકિકતો તેમની જુબાની દરમ્યાન બયાન કરે છે. સદર ફરીયાદી તેમના મૌખીક પુરાવા દરમ્યાન આરોપીઓએ આક્ષેપીત ગુન્હો આચરેલ હોવાની હકિકતોનો સ્પષ્ટપણે ઈન્કાર કરેલ છે. તેમજ ઉપરોકત સમગ્ર પુરાવો જોતા ભોગબનનારે બનાવ બનેલ છે તે અંગે કાંઇ વાત કરેલ નથી કે ફરીયાદીને પણ તે અંગે કાંઇ જણાવેલ નથી.

**(૨૭)** ફરીયાદપક્ષે સદર કામે ઉપરોકત મૌખીક પુરાવાઓ રજુ કરેલ છે તે મૌખીક પુરાવાની હકિકતો ઉપરથી ફરીયાદપક્ષે આંક–P1/PW1 થી રજુ કરેલ ફરીયાદમાં ઉલ્લેખ કરવામાં આવેલ બનાવની હકિકતો પુરવાર માની શકાય તેવી કોઇ જ હકિકતો ફલીત થતી નથી. અલબત, સદર કામે રજુ થયેલ પુરાવામાં એવો કોઇ જ પુરાવા ફલીત થતી નથી કે જેના ઉપરથી એમ કહી શકાય કે તેવી હકિકતને આંક–P1/PW1 થી રજુ ફરીયાદ થી સમર્થન પ્રાપ્ત થાય. આમ, ફરીયાદપક્ષના કથીત બનાવ સંદર્ભે રજુ થયેલ ફરીયાદ કે જે સમર્થન કારી પુરાવો છે તેના સિવાય અન્ય કોઇ એવા પુરાવા રેકર્ડ ઉપર રજુ રાખેલ નથી કે જેના પરથી કથીત બનાવની હકિકતો નિ:શંકપણે પુરવાર માની શકાય. આ સંજોગોમાં ફરીયાદપક્ષે રજુ કરવામાં આવેલ આંક–P1/PW1 થી રજુ કરવામાં આવેલ ફરીયાદ થી ફરીયાદપક્ષના કેસની હકિકતોને કોઇ જ સમર્થન પ્રાપ્ત થતુ નથી. આમ, આ કામે સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરતા આ કામના ફરીયાદી તથા

ભોગબનનાર તેઓની જુબાનીમાં જણાવે છે કે,એવુ બનેલ નહી કે, આરોપી અજય અને આરોપી મયુર ભોગબનનારને ભગાડી લઇ ગયેલ હોયઅને આરોપી અજયે ભોગબનનાર સાથે તેની મરજી વિરૂદ્ધ શરીર સબંધ બાંધેલ હોય. તેમજ તેઓની ઉલટતપાસમાં એવુ સ્વીકારીને ચાલે છે કે,આરોપીઓ સાથે કામકાજ બાબતે બોલાચાલી થયેલી જેથી તેઓના પિતાએ પોલીસમાં બોલાચાલીની ફરીયાદ આપેલી. તેમજ એ વાત કબુલ રાખેલ છે કે, આરોપી અજયે તેણીની સાથે શારીરીક સબંધ બાંધેલ નથી. તેમજ મયુરે ભોગબનનારને મોટર સાયકલમાં લઇ ગયેલ ગથી. તેમજ એ વાત કબુલ રાખેલ છે કે, આરોપી અજયે તેણીને ઝાપટ મારેલ નથી કે શારીરીક સબંધ બાંધેલ નથી. આમ, ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂદ્ધનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય, ઉપરોકત ઉપસ્થીત મુદ્દા નં.૩ થી ૫ નો નિર્ણય ''નકારમાં'' ઠરાવવામાં આવે છે.

## (૨૮) (CONCLUSION)

આમ, ફરીયાદપક્ષના ઉપરોકત સમગ્ર પુરાવો ધ્યાને લેતા,આ કામના ફરીયાદીની દિકરી ભોગ બનનાર, ઉ.વ.૧૨ વર્ષ ૫ માસ વાળી ને તા.૧૪/૧૧/૨૦૨૫ ના રોજ રાત્રીના ૭ વાગ્યાના અરસામાં આ કામના આરોપીએ ભોગ બનનાર સગીર વયની તથા અનુસુચિત જાતીની હોવાનું જાણતો હોવા છતાં ફરીયાદીના વાલીપણામાંથી અપહરણ કરી, કેશવાળા ગામની સીમમાં ભગાડી લઇ જઇ, તેની મરજી વિરૂદ્ધ અવાર નવાર શારીરીક સબંધ બાંધી, બળાત્કાર ગુજારી, ગુન્હો કરેલ હોય, જેથી આ કામના આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૩૭(૨), ૮૭, ૬૫(૧),૫૪ તથા જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ ૨૦૨૧ ની કલમ-૪(૨),૧૭ તથા એટ્રોસીટી એકટ કલમ-૩(૧)(ડબલ્યુ),૩(૨)(૫-એ) મુજબનો ગંભીર ગુન્હો કરેલ હોવાની હકિકત નિ:શંકપણે પુરવાર થયેલ નથી. એટલુ જ નહી ભોગબનનારના આવા બનાવને કારણે કોઇ પણ પ્રકારની શારીરીક કે માનસીક હાની કે નુકશાન પહોંચેલ હોવાનું સ્વીકારી શકાય નહી. આથી પ્રસ્તુત કેસમાં

ભોગબનનારના સહાય સબંધી હુકમો કરવા વ્યાજબી, ન્યાયી અને ઉચીત ન હોવાનું આ અદાલતનું માનવુ છે. આમ, ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂદ્ધનો તહોમતનામા મુજબનો ગુન્હો પુરવાર થતી ન હોય મુદ્દાનં.૬ અન્વયે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છું.

**-// હુ ક મ //-**

(૧) આરોપી **(૧) અજયભાઈ ઉર્ફે હરેશભાઈ ઉર્ફે ગુણાભાઈ મકવાણા** ઉ.વ.૨૨, ધંધો-ખેતી,રહે.કેશવાળા ગામ, તા.ગોંડલ,જી.રાજકોટ. **(૨) મયુરભાઈ પરસોતમભાઈ વાઘેલા,** ઉ.વ.આ.૨૭,ધંધો- ડ્રાયવીંગ રહે.કેશવાળા ગામ, તા.ગોંડલ,જી.રાજકોટ. નાઓને બી.એન.એસ.એસ કલમ-૨૫૮(૧) અન્વયે તેમની વિરૂદ્ધનાં ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૩૭(૨),૮૭,૬૫(૧),૫૪ તથા જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ ૨૦૨૧ ની કલમ-૪(૨),૧૭ તથા એટ્રોસીટી એકટ કલમ-૩(૧) (ડબલ્યુ),૩(૨)(૫-એ) મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાંથી પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપી નં.૧ યુ.ટી.પી. (જયુડીશ્યલ કસ્ટડીમાં) હોય તેઓને અન્ય ગુન્હાના કામે જરૂરીયાત ન હોય તો તેઓને જામીન મુકત કરવાનો હુકમ કરવામાં આવેલ છે. તેમજ આરોપી નં.ર જામીન મુકત હોય જેથી તેઓના જામીન ખત આથી રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) જો આરોપીઓ વિરૂદ્ધનાં ગુન્હાના કામે અપીલ થાય તો અપીલ અદાલતમાં હાજર રહેવા માટે આ કામના દરેક આરોપીએ બી.એન.એસ.એસ.કલમ-૪૮૧ અન્વયે રૂા.૧૫,૦૦૦/- (અંકે રૂપીયા પંદર/ હજાર પુરા) ના જામીન રજુ કરવા. જે જામીનગીરી છ માસ સુધી અમલમાં રહેશે.

(૪) આ ગુન્હાના કામે તપાસ દરમ્યાન કબ્જે કરવામાં આવેલ નોનવેલ્યુએબલ મુદ્દામાલ અપીલ સમય પુર્ણ થયેથી અથવા જો

અપીલ થાય તો નામ. અપીલ કોર્ટના હુકમ બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ મુજબ સબંધિત જેલને યાદી કરવી.

હુકમ આજ રોજ તા.૦૯મી, માંહે–એપ્રિલ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, જાહેર કર્યો.

તા.૦૯/૦૪/૨૦૨૬
સ્થળ : ગોંડલ.

**(હિમાંગ અશ્વીનભાઇ ત્રિવેદી)**
સ્પે.જજ, પોકસો અને અધિક સત્ર
ન્યાયાધિશ, ગોંડલ.
(UID No.GJ00591)

(R.A.ZALA)